વિભાગની સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓની માહિતી પૂરી પાડવા અંગેની કામગીરી માટે નોડલ અધિકારીની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/E Section
સચિવાલય, ગાંધીનગર
તા.    /૦૪/૨૦૨૫

<u>વંચાણે લીધા:</u>

(૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા.૨૫/૦૩/૨૦૨૫ની યાદી ક્રમાંક: LED/GOI/e-file/11/2025/0573/M2.
(૨) શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૩/૨૦૨૫નો પત્ર ક્રમાંક: શ્ર.આ.૮/ફા.૧૦/૨૦૨૫/૫૮૨.

**<u>હુકમ :</u>**

વંચાણે લીધા ક્રમ (૧) હેઠળના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની તા.૨૫/૦૩/૨૦૨૫ની યાદીથી રાજયમાં અમલી સામાજીક સુરક્ષાની યોજનાઓની માહિતી એકત્ર કરવાની કામગીરી માટે આઇ.ટી. નિષ્ણાંતો સાથેની અધિકારીઓની ટીમની રચના કરવામાં આવેલ છે. સદર ટીમના સભ્ય તરીકે આ વિભાગના વર્ગ-૧ થી નીચે ના હોય તેવા એક પ્રતિનિધિનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ (૨) હેઠળના શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૦૩/૨૦૨૫ના પત્રથી ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા માંગવામાં આવેલ સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓની માહિતી પૂરી પાડવા અંગેની કામગીરી માટે નોડલ અધિકારી નિયુક્ત કરવા જણાવેલ છે.

સદર વિગતે, વિભાગની સામાજિક સુરક્ષાની યોજનાઓ માટેની માહિતી ઉપલબ્ધ કરવા માટેની કામગીરી અંગે **નોડલ અધિકારી તરીકે** તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા સદર કામગીરી માટે રચવામાં આવેલ **ટીમની બેઠકમાં વિભાગના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેવા માટે વિભાગના ઉપસચિવ (સમાજ સુરક્ષા), શ્રી યુવરાજસિંહ પી. જાડેજાને હોદ્દાની રૂએ આથી નિયુક્ત કરવામાં આવે છે** નોડલ અધિકારીશ્રીનું નામ, હોદ્દો તથા સંપર્કની વિગતો નીચે મુજબ છે.

| નોડલ અધિકારીશ્રીનુ નામ તથા હોદ્દો | વિભાગ/કચેરીનુ સરનામુ | ટેલિફોન નંબર/ ઈ-મેઈલ |
|---|---|---|
| **શ્રી યુવરાજસિંહ પી. જાડેજા,**<br>**ઉપ સચિવ (સમાજ સુરક્ષા)** | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯ મો માળ, સચિવાલય, ગાંધીનગર | **મો.નં.** ૯૯૭૮૪૧૪૧૯૧<br>**કચેરી નં.:** ૦૭૯-૨૩૨-૫૧૨૧૭<br>**ઈ-મેઈલ.:** us1-sje@gujarat.gov.in |

**(સંગીતા પટણી)**
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- શ્રી યુવરાજસિંહ પી. જાડેજા, ઉપ સચિવ (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય સામાજીક સુરક્ષા બોર્ડ, C/o. શ્રમ આયુક્તની કચેરી, બ્લોક નં.૧૧,૧૨,૧૪, બીજો માળ, સેકટર-૧૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના</u>:

- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં.૫/૯મોમાળ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત /નાયબ/ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા , બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (M2 શાખા), શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫.